# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-02-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ACCIDENT

રાજ્યમાં ગત રાત્રીથી અત્યાર સુધી સર્જાયેલી અકસ્માતની બે અલગ અલગ ઘટનામાં નવ વ્યક્તિઓના મોત થયા છે.. જેમાં આજે સવારે કચ્છના ભુજ તાલુકાના કેરાથી મુન્દ્રા રોડ ઉપર ખાનગી બસ અને ટ્રક વચ્ચે ટક્કર થતા સાત લોકોના મોત થયા છે. વધુ અહેવાલ આપે છે... અમારા કચ્છના પ્રતિનિધિ..

(વોઇસકાસ્ટ – હેમાંગ પટ્ટણી)

જ્યારે ગાંધીનગરના સરગાસણ ખાતે મોડી રાત્રે કાર અને પીકઅપ વાન વચ્ચે થયેલા અકસ્માતમાં બેનાં મોત થયા છે..

. . . . . . . . . . . .

# CM ASICON 2025

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ૧૬મી નેશનલ કોન્ફરન્સ ઓફ એઇડ્સ સોસાયટી ઓફ ઇન્ડિયાનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે સરકારના પ્રયાસને કારણે એઇડ્સના રોગ અંગે લોકોમાં જાગૃતિ આવી છે. જે રીતે અગાઉ એઇડ્સના દર્દી સાથે જે વ્યવહાર થતો હતો, તેમાં પરિવર્તન આવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે આ રોગ થવાના અનેક કારણો હોય છે તે કારણો અંગની લોકોને જાણકારી મળી તેમ તેમ આ રોગ પ્રત્યે જાગૃતિ ફેલાઇ રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે રાજ્ય સરકારે ગઇકાલે જાહેર કરેલા બજેટમાં છેવાડાના માનવી સુધી આરોગ્ય સુવિધાઓ મળી રહે તેમાટેની જોગવાઇ કરવામાં આવી છે.

(બાઇટ - ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી)

. . . . . . . . . . . .

## GUJ. DEVU

રાજ્યનું 3 લાખ 77 હજાર 962 કરોડ રૂપિયા જાહેર દેવું છે, તેની વિધાનસભામાં સરકાર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમાર દ્વારા પૂછવામાં આવેલા સવાલના જવાબમાં રાજ્ય સરકારે આ જવાબ રજૂ કર્યો હતો.. છેલ્લા બે વર્ષમાં 48 હજાર 654 કરોડ રૂપિયા વ્યાજની ચુકવણી કરવામાં આવી હતી.. છેલ્લા બે વર્ષમાં 48 હજાર 308 કરોડ રૂપિયાની મુદ્દલની ચૂકવણી પણ કરવામાં આવી હોવાની નાણામંત્રી દ્વારા જણાવાયું હતું. નાણાકીય સંસ્થા, બજાર લોન અને કેન્દ્રીય દેવું રાજ્ય પર હોવાનું રાજ્ય સરકારે ગૃહમાં જણાવ્યું હતું.

. . . . . . . . . . .

## PHISIYOTHERAPI BILL PASSED

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે રજૂ કરેલુ ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ્દ કરવા બાબતનું વિધેયક સર્વાનુમતે આજે વિધાનસભામાં પસાર કરાયું હતું. ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફિઝિયોથેરાપીની તમામ કામગીરી, કાઉન્સીલનું ફંડ, સંસાધનો, માનવબળ, તેમના તમામ અધિકાર અને

જવાબદારીઓ હવે "ગુજરાત સ્ટેટ અલાઇડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલ" માં તબદીલ થશે..

ગુજરાત સ્ટેટ એલાઈડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલ દ્વારા ફિઝીયોથેરાપી કાઉન્સિલની તમામ કામગીરી આવરી લેવામાં આવનાર હોઇ રાજ્યમાં અલાયદી ફિઝીયોથેરાપી કાઉન્સિલની હવે જરૂરીયાત રહેતી નથી, તેમ વિધાયક રજૂ કરતાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

. . . . . . . . . . . .

# ELECTRICITY RELIEF

રાજ્ય વિધાનસભાના બજેટ સત્રમાં રાજ્યના ગ્રાહકોને અપાયેલી વીજરાહત અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૨૪ દરમિયાન રાજ્યમાં બે વખત વીજદરોમાં ઘટાડો કરવામાં આવતાં કુલ સરેરાશ બે હજાર ચાર કરોડ રૂપિયાની રાહત આપવામાં આવી છે. વીજ નિયમન પંચ દ્વારા આગામી સમીક્ષા ન થાય ત્યાં સુધી રાજ્યના ૧ કરોડ ૫૦ લાખ વીજગ્રાહકો માટે આ ઘટાડો લાગુ રાખવામાં આવશે..

રાજ્યના બીપીએલ કાર્ડ ધારકોને વીજબિલના દરોમાં અપાતી રાહત અંગે ઊર્જા મંત્રીશ્રીએ જણાવ્યું કે અન્ય રહેણાંક વિસ્તારોના વીજ ગ્રાહકોની સરખામણીએ બીપીએલ કાર્ડધારકો માટે વીજદરો ઓછા હોય છે.

જ્યોતિગ્રામ યોજનાનો લાભ મેળવતાં દરિયાકાંઠાના વિસ્તારોમાં કેબલિંગના કામનું નવીનીકરણ કરવાનું પણ આયોજન છે, જેના માટે નાણાકીય અંદાજપત્રમાં પણ આયોજન કરવામાં આવ્યું છે તેમ ઉર્જા મંત્રીએ ઉમેર્યું હતું.

અન્ય પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે રાજ્યનાં કુલ ૩૩ જિલ્લાના ૧૮ હજાર ૨૨૫ પૈકી ૧૭ હજાર ૨૨૭ ગામોમાં ખેતીવાડી વીજજોડાણ અપાયેલાં છે. જેમાંથી ૧૬ હજાર ૭૧૭ એટલે કે આશરે ૯૭ ટકા ગામોને દિવસે વીજળી મળતી થઈ છે. જ્યારે બાકી રહેલા ત્રણ ટકા વિસ્તારોમાં આ કામગીરી પૂર્ણ કરવા જમીન અને કાયદાકીય પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવાના પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે.

. . . . . . . . . . . .

## Raid Proceedings - Bhavnagar

ભાવનગરમાં સતત ચોથા દિવસે પણ  આવકવેરા વિભાગના દરોડાની કાર્યવાહી ચાલી રહી છે.  અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદીના જણાવ્યા પ્રમાણે ભાવનગરમાં આઈટી ની તપાસ દરમિયાન 34 સ્થળોએ વધુ શંકાઓ અને પુરાવા મળતા તંત્રની  દરોડા-સર્ચની સંખ્યા 46 સુધી પહોંચિ છે.  ગઈકાલે  16 જગ્યાઓએ દરોડાની કામગીરી પૂર્ણ થઇ હતી, પરંતુ 30 સ્થળોએ હજુ પણ ચાલુ છે.

. . . . . . . . . . . .